# જાહેરનામું

## પોલીસ કમિશ્નર કચેરી, અમદાવાદ શહેર.

### જાહેરનામાં ક્રમાંક.ગ/ઉપક/લાયસન્સ શાખા/ ૭૦ /૨૦૧૮ તા.3 /૧૧/૨૦૧૮

---

નામદાર સુપ્રિમ કોર્ટ દ્વારા રીટ પીટીશન નંબર ૭૨૮/૨૦૧૫ ના કામે તા. ૨૩/૧૦/૨૦૧૮ ના રોજ તથા તા. ૩૦/૧૦/૨૦૧૮ના રોજ દિવાળીના તહેવાર તથા અન્ય તહેવારો નિમિત્તે જાહેર જનતાને ભયજનક/હાનિકારક પર્યાવરણ તથા ધ્વની પ્રદુષણની વિપરીત અસર થી રક્ષવા માટે ફટાકડાના ઉત્પાદન, વેચાણ તથા ફટાકડા ફોડવા બાબતે દિશાનિર્દેશો કરેલ છે. તેના અમલીકરણ માટે તથા દિવાળીના તહેવારો દરમ્યાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ, અકસ્માતના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતી માટે અને જાહેર જનતાને અગવડ ન પડે તે માટે અમદાવાદ શહેર વિસ્તારમાં ફટાકડાના ખરીદ, વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણ મુકવું જરૂરી જણાય છે.

આથી હું એ.કે.સિંઘ, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનીયમ સને-૧૯૭૩(૧૯૭૪ ના નં.૨)ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધીનિયમ સને.૧૯૫૧ ની કલમ ૩૩ (૧) (b), કલમ ૩૩ (૧) (u) મળેલ સત્તાની રૂએ અમદાવાદ શહેર પોલીસ કમિશનરની હદ વિસ્તારમાં નીચે મુજબના કૃત્યોનુ ચુસ્તપણે પાલન કરવા માટે ફરમાવુ છું.

: કૃત્યો :

(૧) દિવાળીના તહેવારો દરમિયાન રાત્રીના ૨૦:૦૦ થી ૨૨:૦૦ કલાક દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે.

(૨) સીરીઝમાં જોડાયેલા ફટાકડા (ફટાકડાની લુમ) (Series Cracker or Laris) થી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે રાખી શકાશે નહી, ફોડી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહિ.

(૩) હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર **PESO** સંસ્થા દ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વનિ સ્તર (**Decibel level**) વાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. **PESO** દ્વારા એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોકસ ઉપર "**PESO** ની સુચના પ્રમાણેનુ" માર્કિંગ હોવુ જરૂરી છે.

(૪) હોસ્પિટલ, નર્સિંગહોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણીક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળો ની ૧૦૦ મીટરની ત્રિજ્યાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે. અને ત્યા કોઇપણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહિ.

(૫) કોઇપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરી શકાશે નહિ, રાખી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહિ.

(૬) ઈ-કોમર્સ વેબસાઇટ ફ્લીપકાર્ટ એમેઝોન સહીતની કોઇ પણ ઈ-કોમર્સ વેબસાઇટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઇન ઓર્ડર લઈ શકાશે નહી. ઓનલાઇન વેચાણ કરી શકાશે નહી.

(૭) લોકોને અગવડ ઊભી ન થાય કોઇ પણ ભયજનક પરિસ્થિતીનુ નિર્માણ ન થાય તે માટે અમદાવાદ શહેરના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ.પી.જી. બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈમથકની નજીક ફટાકડા દારૂખાનું ફોડી શકાશે નહી.

(૮) કોઇપણ પ્રકારના સ્કાય લેન્ટર્ન (ચાઇનીઝ તુક્કલ/આતશબાજ બલુન) નુ ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી તેમજ કોઇપણ સ્થળે ઉડાડી શકાશે નહી.

આ જાહેરનામાનો અમલ તારીખ : ૦૪/૧૧/૨૦૧૮ થી તારીખ : ૨૫ /૧૧/૨૦૧૮ સુધી રહેશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશનરરેટમાં ફરજ બજાવતા ખાસ/સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે આઇ.પી.સી. કલમ-૧૮૮ તથા જી.પી.એક્ટની કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તારીખ :03 /૧૧/૨૦૧૮ ના રોજ મારી સહી તથા કચેરીના સિક્કા સાથે જાહેર જનતાની માટે બહાર પાડવામાં આવેલ છે.

City Commissioner of Police * Ahmedabad

(એ.કે.સિંઘ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર.

નકલ સવિનય રવાના :

૧. મેનેજરશ્રી ગવર્મેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા
૨/- ગુજરાત ગવર્મેન્ટ ગેઝેટમાં પ્રસીધ્ધ કરવા સારૂ
૨. અધિક મુખ્ય સચીવશ્રી ગ્રૃહ વિભાગ ગુજરાત સરકાર સચીવાલય ગાંધીનગર.
૩. પોલીસ મહાનિર્દેશકશ્રી અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા.પોલીસ ભવન ગાંધીનગર.
૪. કલેક્ટરશ્રી જીલ્લા કલેક્ટરની કચેરી સુભાષબ્રીજ અમદાવાદ.
૫. અમદાવાદ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ ગુ.રા. અમદાવાદ (૫ નકલ)
૬. રજીસ્ટ્રારશ્રી સિવીલ અને સેશન કોર્ટ ભદ્ર અમદાવાદ (૫ નકલ)
૭. રજીસ્ટ્રારશ્રી સેસન્સ કોર્ટ ભદ્ર અમદાવાદ (૫ નકલ)
૮. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, ઘી કાંટા અમદાવાદ (૨૫ નકલ)
૯. મ્યુનીસિપલ કમિશનરશ્રી દાણાપીઠ અમદાવાદ શહેર.
૧૦. પબ્લીક પ્રોસીક્યુટરશ્રી સીટી સીવીલ અને મેટ્રોપોલીટનની કોર્ટ અમદાવાદ શહેર.
૧૧. સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી અમદાવાદ શહેર.
૧૨. માહિતી નિયામકશ્રી સચિવાલય ગાંધીનગર (૨ નકલ)
૨/- જાણ સારુ અને દૈનીક સમાચાર પત્રોમા પ્રસીધ્ધ કરાવવા સારુ.

નકલ રવાના :

૧. સંયુકત પોલીસ કમિશનરશ્રી સેક્ટર-૧ અને અધિક પોલીસ કમિશનરશ્રી સેક્ટર-૨, ક્રાઇમ, વિશેષ શાખા તથા મુખ્ય મથક, ટ્રાફિક અમદાવાદ શહેર.
૨. નાયબ પોલીસ કમિશનરશ્રી ઝોન ૧ થી ૭ અમદાવાદ શહેર.
૩. મદદનીશ પોલીસ કમિશનરશ્રી એ થી એન ડિવિઝન અમદાવાદ શહેર.
૪. જનસંપર્ક અધિકારી કન્ટ્રોલ રુમ અમદાવાદ શહેર.
૨/- જાણસારુ દૈનિક પત્રોમાં, દૂરદર્શન, આકાશવાણી ઉપર પ્રસીધ્ધ કરવા સારુ.
૫. મદદનીશ પોલીસ કમિશનરશ્રી ટ્રાફિક બ્રાન્ચ અમદાવાદ શહેર (૮ નકલ)
૨/- ટ્રાફિક મોબાઇલ, વાન મારફતે જાહેરનામાની જાણ કરવા સારુ.
૬. તમામ પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી, તમામ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર.
૨/- જાણ સારુ તેમજ પો.સ્ટે વિસ્તારમાં જાહેરાત માટે અને અમલ થાય તેની તકેદારી રાખવા સારુ જાહેરનામાની એક નકલ તમારા વિસ્તારમાં આવેલ કલબ/જીમખાના ના સંચાલક/ મેનેજરને સુપ્રત કરીને બીજી નકલ ઉપર તેમની સહી મેળવી પો.સ્ટે રેકર્ડમાં રાખવુ.